# મનપાના નવા વિસ્તારોની ઓચિંતી મુલાકાતે મેયર

**પેથાપુર, રાંધેજા, કોલવડા અને વાવોલની મુલાકાત લઇને પ્રશ્નોનું નિરાકરણ લાવવા આદેશ : ગેરહાજર અને લેટ લતિફ કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાની સુચના અપાઇ : મહાપાલિકામાં સમાવાયેલા ૧૮ ગામની આકસ્મિક મુલાકાતનો દૌર ચાલુ રહેશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાપાલિકામાં સમાવવામાં આવેલા પેથાપુર શહેર તથા રાંધેજા, કોલવડા અને વાવોલ ગામની મેયર રીટાબેન પટેલે સોમવારે આકસ્મિક મુલાકાત લીધી હતી. મહાપાલિકાના અધિકારીઓને સાથે લઈને પહોંચેલા મેયરે સંબંધિત અધિકારી, કર્મચારીઓ સાથે બેઠક યોજીને વિવિધ પડતર પ્રશ્નો અને ફરિયાદોના સંબંધમાં વિશેષ ચર્ચા કર્યા બાદ તેના ઝડપી નિરાકરણ લાવવા સ્થળ પર જ આદેશ આપ્યો હતો. સાથે જ તેમણે જે ફરિયાદોનો નિકાલ લાવવામાં આવે તેનો વિગતવાર રિપોર્ટ આપવા પણ જણાવ્યુ હતું. મેયરની આકસ્મિક મુલાકાતના પગલે તંત્ર હરકતમાં આવી ગયુ હતું. આગામી દિવસોમાં પણ મહાપાલિકામાં સમાવાયેલા ૧૮ પૈકી કોઈપણ ગામોની આક્સમિક મુલાકાત મેયર લેવાના છે. તેમણે દરેક ગામમાં ફરિયાદોના નિવારણ માટે વ્યવસ્થાપન કરવા તાકીદ કરી હતી.



મેયર રીટાબેન પટેલે જણાવ્યું કે મહાપાલિકામાં સમાવવામાં આવેલા નવા વિસ્તારોમાં પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટલાઇટ સહિતની રાબેતા મુજબની સેવાઓ સંબંધમાં પણ ફરિયાદો મળતા રૂબરૂ મુલાકાત લીધી હતી. જે સેવાઓ અત્યાર સુધી નિર્વિઘ્ને ચાલતી હતી, તેમાં ખામીઓ કઇ રીતે સર્જાઇ તેના મુદ્દે પેથાપુર નગરપાલિકાના ચીફ ઓફિસર તથા અન્ય અધિકારીઓ અને રાંધેજા, કોલવડા તથા વાવોલમાં તલાટી તથા મહાપાલિકા દ્વારા મુકવામાં આવેલા કલાર્ક સહિત કર્મચારીઓ સાથે એક એક પ્રશ્ને ચર્ચા કરીને સમસ્યાઓ સંબંધમાં માહિતી મેળવી હતી. મેયરે તલાટીઓ સહિત કર્મચારીઓની નિયમિત હાજરીની બાબત પણ ચકાસી હતી અને જેઓ અનિયમિત જણાયા તેમની સામે કાર્યવાહી કરવા સુચના આપી હતી. સાથે જ આ ફરિયાદોનું નિવારણ લાવવા આદેશ આપ્યો હતો.



નવા વિસ્તારોમાં વહીવટી કચેરી પર યોજવામાં આવેલી મુલાકાત દરમિયાન ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ડૉ. જીતેન્દ્ર અગ્રવાલ, વહીવટી અધિકારી અમિત સિંઘાઈ અને સેનેટરી સુપ્રિટેન્ડેન્ટ સંદિપસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ મેયરની સાથે રહ્યા હતાં અને વિવિધ ફરિયાદોના નિરાકરણ માટે સંબંધિત સ્ટાફને માર્ગદર્શન આપ્યુ હતું.

## ખૂણેખાંચરેથી

- રાજયના આરોગ્ય કમિશનર કચેરીમાં અધિક નિયામક તરીકે સેવાઓ આપી રહેલા ડૉ. દિનકર રાવલનો કોરોના અંગેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં સે. ૨૮માં રહેતા અને આરોગ્ય કમિશનરની કચેરીમાં ફરજો બજાવતા ડૉ. નિતેશ શાહનો પણ કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી ધાંધલ્યાના પત્ની જેઓ પણ મહિલા બાળ વિકાસ વિભાગના કર્મયોગીની છે તેમનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી તરીકેનો ચાર્જ દહેગામ તા.વિ.અ. સુશ્રી રૂબીસિંહ રાજપૂતને આપવામાં આવ્યો છે.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ અને ડે. મ્યુનિ. કમિશનર દવે બન્ને કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જો કે હજુ તેઓ ૧૦ દિવસ ક્વોરોન્ટાઈનમાં રહેશે.
- ગાંધીનગર શહેરમાં મનપાની ટીમો દ્વારા ઘરોની ચકાસણી દરમ્યાન ૧૨૦૦૩ પાત્રોમાં મચ્છરોના પોરા મળી આવતાં તેનો નાશ કરવામાં આવ્યો છે. શહેરમાં મેલેરિયાના કેસો છુટાછવાયા મળવાનો આરંભ થયો છે.

# ગાંધીનગરના યુવાનમાં પ્રેમાંધ બનેલી બરોડાની યુવતિ ડેપોમાં ધ્રુસકે ધ્રુસકે રડી

**સોશિયલ મીડીયાના માધ્યમથી યુવાનના સંપર્કમાં આવેલી યુવતિ પોતાનુ ઘર છોડીને બસમાં ગાંધીનગર ડેપો આવી પરંતુ યુવાને કોલ રીસીવ ન કરતા યુવતિ મુંઝાઇ : ડેપો કન્ટ્રોલરની નજર પડતા યુવતિના માતાપિતાનો સંપર્ક કરી ઘરે પરત મોકલી**

ગાંધીનગર તા ૩૧

આજના યુવક યુવતિઓ સતત સાશિયલ મીડીયમાં વ્યસ્ત જોવા મળે છે.મોબાઈલ ડોકીયુ નાંખીને ઉંધમુંધ ખુપેલી રહેતી યુવાપેઢીને કયારેક પોતાની આસપાસ શુ ચાલી રહ્યુ છે તેનો પણ ખ્યાલ રહેતો નથી. આંગળીને ટેરવે દેશ દુનિયા સાથે જોડાવાની આ વૃત્તિમાંથી અન્ય પ્રવૃતિઓ પણ ગમે ત્યારે આકાર લે છે. આ મનોદશા વચ્ચે પરિવાર પણ ભુલાય જાય છે. સોશિયલ મીડીયાના માધ્યમથી કોઈને કયારેય રૂબરૂ મળ્યા પણ ન હોય તો પણ પ્રેમાંધ બની જતા યુવક યુવતિઓના પણ અનેક કિસ્સાઓ છે. જો કે તેનો અંજામ પણ આ કાલ્પનિક હકીકત જેવો જ હોય છે. મોબાઈલ મેનિયાક બનતી યુવાપેઢી ક્યારેક જોખમી પગલુ ભરી પરિવારજનો માટે પણ મોટી ચિંતા ઉભી કરી છે. ત્યારે સોશિયલ મીડીયાના બિનજરૂરી ઉપયોગ સામે લાલબત્તી ધરતો કિસ્સો પણ પ્રકાશમાં આવ્યો છે. વડોદરાની યુવતિનો પરિચય સોશિયલ મીડીયાના માધ્યમથી ગાંધીનગરના એક યુવાન સાથે થયો હતો. શહેર નજીક સ્થિત ગામના આ યુવાન સાથે પરિચયમાં આવેલી યુવતિની વાતચીત વધુ ગાઢ બનતા બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયા હતા. એકમેકની સાથે જીવન જીવવાની પ્રેમાળ વાતો બાદ યુવતિએ ઘર છોડવાનો નિર્ણય પણ કરી લીધો હતો. પ્રેમાંધ બનેલી યુવતિ માતા પિતાનુ ઘર છોડવા તૈયાર થઈને બરોડાથી બસમાં બેસીને ગાંધીનગર ડેપો પહોંચી હતી. યુવાન સાથે ટેલિફોનિક વાતચીત બાદ યુવકે પણ યુવતિને ડેપોમાં લેવા માટે આવશે તેમ જણાંવ્યુ હતુ.પરિવારને છોડીને યુવક પાસે આવેલી યુવતિ માટે ગાંધીનગર શહેર પણ તદન અજાણ્યુ હતુ બપોરના સમયે આ યુવતિ બસમાં બેસી ગાંધીનગર ડેપો પહોંચી હતી. ત્યારબાદ યુવતિએ યુવકને સતત કોલ કરીને સંપર્ક કરવાનો પ્રયાસ કરતી હતી પરંતુ યુવાનનો સંપર્ક ન થતા હતાશામાં ગરકાવ થઇ ગયેલી યુવતિ માનસિક રીતે મુંઝવણમાં મુકાઈ હતી. ડેપો સંકુલમાં રડતી બેસી રહેતા આ વેળાએ કંન્ટ્રોલર ધર્મેન્દ્રભાઈની નજર યુવતિ પર પડતા મહીલા કર્મચારીની મદદથી તેણીની પુછતાછ કરી હતી જેના અંતે સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો જયારે ઘરે પરત ફરવા માટે પણ યુવતિ માતા પિતાના ઠપકાથી ડરતી હતી. પરંતુ ગભરાયેલી યુવતિને ડેપોન સ્ટાફે આશ્વાસન આપી માતા પિતાનો સંપર્ક કર્યો હતો. ટેલીફોનિક સંપર્કના માધ્યમથી તેમની દિકરી સલામત હોવાની જાણ કરી હતી આ વેળાએ તેમની દિકરીથી થયેલી ભુલ બાબતે કોઈ પણ ઠપકો ન આપવા પણ જાણ કરી હતી. જેના અંતે ગભરાયેલી યુવતિ ડેપોના સ્ટાફથી ઘરે પરત ફરી હતી. રાહ ભુલીને આવેલી યુવતિને સાંજના સમયે સુરત રૂટની બસમાં ઘરે પરત મોકલી દેવામાં આવી હતી.

**વોટસએપ યુનિવર્સિટીની આડઅસર...**

# આ વર્ષે શહેરમાં ‘સેલ્ફી’ સાથે ઉજવાશે શિક્ષક દિન...!!

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધા ક્રિષ્ણનની યાદમાં દેશભરમાં તા. ૫મી સપ્ટેમ્બરે ‘શિક્ષક દિન’ ઉજવવામાં આવે છે. આ વર્ષે કોરોના મહામારીને કારણે હજુ સુધી શાળા કોલેજો શરૂ થઈ શકી નથી ત્યારે આ વર્ષે શિક્ષક દિનની ઉજવણી વર્ચ્યુઅલ ફોર્મેટમાં ઉજવવાનું રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે અને આ ઉજવણીમાં બાળકો તેમના શિક્ષક પ્રત્યેનો સંદેશ એક કાગળ પર લખી તેની સેલ્ફી પોસ્ટ કરે તેવી સૂચના આપી દેવામાં આવી છે.

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષક એટલે કે ગુરૂનું ખૂબ મહત્વનું સ્થાન છે અને યુવા પેઢીને ઉત્કૃષ્ઠ શિક્ષણ અને જ્ઞાન પુરું પાડી તેમના ભવિષ્યને ઉજ્જવલિત કરવા નિઃસ્વાર્થપણે કોઈ પણ પરિસ્થિતિમાં કાર્યરત શિક્ષક સમુદાયના સમાજ પરત્વેના યોગદાનને સત્કારવા દેશમાં પ્રતિ વર્ષ તા. ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિન ઉજવાય છે. સરકાર દ્વારા આ વર્ષે કોરોના વાયરસની મહામારીના પગલે શાળા કોલેજો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો નથી પરંતુ ઓનલાઈન એજયુકેશન થકી શિક્ષણ કાર્ય ચલાવાઈ રહ્યું છે. આ સ્થિતિમાં આગામી તા. ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિનની ઉજવણી ઓનલાઈન કરવાના આદેશો આપવામાં આવ્યા છે અને જે અંતર્ગત વિદ્યાર્થીઓ તેમના શિક્ષક પ્રત્યેનો સંદેશ લખી તેની સાથે સેલ્ફી લઈ સોશ્યલ મિડીયા પર અપલોડ કરે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. આમ પણ આજની યુવા પેઢી સોશ્યલ મિડિયાનો ઉપયોગ વધુ કરે છે અને લોકડાઉનના કારણે તેમાં ઘણો વધારો પણ થયો છે ત્યારે આ વર્ચ્યુઅલ ઉજવણીનું આયોજન કરાયું છે. આ સાથે હેશટેગ #Teachers From India થકી શિક્ષકોને બિરદાવવાનું પણ આયોજન થઈ રહ્યું છે.

# રસ્તાઓ પર કાદવ કીચડ સાથે ‘સ્માર્ટ’ ગાંધીનગર બન્યું ‘ડર્ટી સિટી’

**સ્ટોર્મ વોટર લાઈનના આડેધડ ખોદકામ અને અયોગ્ય માટી પુરાણના કારણે સેકટરોના માર્ગો કાદવ કીચડ યુકત બન્યા અને ભૂવા પડયા**

શહેરમાં છેલ્લા બે સપ્તાહ દરમિયાન ખૂબ સારી મેઘ મહેર વરસી છે અને હજુ પણ વરસાદી માહોલ સર્જાયો છે. બીજી તરફ શહેરના વરસાદને કારણે પાણીનો ભરાવો થવાની સમસ્યા તો સર્જાઈ છે તેમાં ખાસ કરીને નવા સેકટરમાં ચાલી રહેલા સ્ટોર્મ વોટરલાઈનના કામમાં આડેધડ ખોદકામને કારણે સેકટરોના માર્ગો પર ભયંકર કાદવ કીચડની સમસ્યા સર્જાવા પામી છે. આ સ્થિતિમાં વસાહતીનું પગપાળા કે વાહન પર પસાર થવું પણ અત્યંત મુશ્કેલ બન્યુ છે.



ગાંધીનગરના સેકટર-૩, ૫ તેમજ વસાહતીઓના વાહન તેમાં ફસાઈ રહ્યા છે. સેકટરના આંતરિક માર્ગો પર કાદવ કીચડથી વાહન લઈને પસાર થતા વાહનચાલકો સ્લીપ થઈ જવાની ઘટનાઓ પણ સર્જાઈ રહી છે. શહેરના વોર્ડ નં. ૭માં બદતર બનેલી સ્થિતિના પગલે સ્થાનિક કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા દ્વારા લેખિત રજૂઆત કરી અને હમાં વરસાદી પાણી અને સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામની માટીના કારણે સર્જાયેલી કાદવ કીચડની સ્થિતિથી વસાહતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. વળી જે જગ્યાએ લાઈનનું કામ પત્યા પછી માટી પુરાણ કરવામાં આવે છે તે પણ અપુરતું અને અયોગ્ય હોવાથી ભૂવા સર્જાઈ રહ્યા છે સ્ટોર્મ વોટરલાઈનનું કામકાજ નિયમાનુસાર કરવા અને વસાહતીને પડી રહેલી હાલાકીને સત્વરે ઉકેલવા માંગ કરવામાં આવી છે. શહેરના અનેક સેકટરમાં આ પ્રકારની પરિસ્થિતિ જોવા મળી રહી છે જેને કારણે સ્માર્ટ સિટી બનવા જઈ રહેલું ગાંધીનગર હાલ તો ડર્ટી સિટી બનીને રહી જવા પામ્યું છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# ચિલોડા બ્રિજના છેડા પાસે બે ઠગ યુવકને ભોળવીને બેગ લઈ ફરાર

ચિલોડા સર્કલ નજીક હિંમતનગર તરફના બ્રિજના છેડા પાસે એક યુવકને વિશ્વાસમાં લઈ બે ઠગે રૂ.૧૬,૫૦૦ની મત્તા લઈ ફરાર થઈ ગયા હતા. યુવકને એક બોક્ષ આપી દુર જઈને ખોલવા માટે કહી બંને ઠગ તેની બેગ લઈ ભાગી ગયા હતા. રાજસ્થાનનો વતની અને ગાંધીનગર શહેરની ખાનગી હોસ્પિટલમાં હાઉસ કીપીંગમાં ફરજ બજાવે છે. ગત તા.૧૪ જુલાઈના રોજ રાજસ્થાન જવાનું હોવાથી સત્યનારાયણ મોહનલાલ ખરાડી (ઉં.૨૦) નામનો શખ્સ રાત્રે સાડા અગીયાર વાગે ચિલોડા આવી પહોંચ્યો હતો. રાત્રીના ૧૨ વાગે ચિલોડા બ્રિજના છેડે બસની રાહ જોઈને બેઠેલા યુવક પાસે એક શખ્સ આવ્યો હતો.તે શખ્સે ઉદેપુર જવા માટે ગાડી અંગે તપાસ કરી વાતો શરુ કરી હતી. આ સમય દરમિયાન અન્ય એક શખ્સ આવ્યો હતો. ત્રણ વ્યકિતઓ ઉભા હતા, ત્યારે પ્રથમ આવેલા શખ્સ પોતાની પાસે પૈસા ન હોવાનું કહ્યું હતું. તેણે શેઠ સાથે ઝઘડો કરીને નીકળી ગયો હતો. પરંતુ પોતાની પાસે એક બોકસ હોવાની વાત કરી હતી. જેને પગલે બીજા શખ્સે ફરીયાદી યુવક સામે ઈશારો કરતા કહ્યું કે અમે બંને તારુ ભાડુ આપીશુ તેમ કહ્યું હતું. બંને શખ્સો યુવકને ચાલતા-ચાલતા થોડા આગળ લઈ ગયા હતા. ગઠીયાએ યુવકને તેનો થેલો આપીને દુર જઈને બોકસ ખોલવાનું કહ્યું હતું. યુવકે દુર જઈને બોકસ ખોલ્યું તો અંદર કાગળ ભરેલા હતા. પાછો વળીન આવ્યો ત્યાં સુધીમાં તો બંને ગઠીયા બેગ લઈ છુ થઈ ગયા હતા.


